ज्ञानोन्मेष

e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-1 : January-March, 2021

# રમકડાં-સાહજિક જીવનઘડતરનો એક પાયો

ડૉ. બિંદુબહેન મહેતા

**Received : 03-03-2021** **Published Online : March-2021** **Accepted : 21-03-2021**

પ્રસ્તાવના :

ઘરની અંદર બાળક આવવાનાં એંધાણ વર્તાય ત્યારથી જ રમકડાંનો પગરવ શરૂ થઈ જાય છે. ઘરમાં બાળક હોય એટલે રમકડાં હોય જ એ સર્વસામાન્ય વાત છે, તેવી જ રીતે દરેક બાળકને પણ રમકડાં ખૂબ જ વહાલાં હોય છે. બાળક અને રમકડાં એકબીજાના પર્યાય બની જાય છે. ઈતિહાસ તરફ નજર કરીએ તો પણ છેક હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાં પણ રમકડાં પોતાનું અસ્તિત્વ ધરાવે છે. આ અસ્તિત્વ સમય-સંજોગ, દેશ-કાળ મુજબ પોતાનું સ્પરૂપ બદલતું રહે છે. જો કે, આપણે સમજીએ છીએ તે પ્રમાણે તેનો આશય તો એક જ છે કે બાળકોને મનોરંજન મળે. પરંતુ, હકીકત તો એ છે કે રમકડાં દ્વારા બાળકોનું જીવનઘડતર થાય છે, રમકડાં બાળકો માટે એક ભૌતિક આધાર છે. રમકડાં બાળકોના અનુભવને આકાર આપે છે, કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે અને તેના સામાજિક વ્યવહારને નિર્દેશિત કરે છે.

રમકડાં દ્વારા બાળકનું જીવનઘડતર :

આમ જોઈએ તો બાળકોનું રમકડાંથી રમવું એ એક ખૂબ જ સામાન્ય વાત છે. દરેક બાળક સહજ રીતે રમકડાંથી રમતું જ હોય છે. પરંતુ, આ રમકડાંઓથી રમતાં રમતાં બાળકના જીવનનું ઘડતર થાય છે. રમકડાં બાળકોના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. રમકડાંથી રમતાં બાળકોનો શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ કઈ દિશામાં થશે તે નક્કી થાય છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો રમકડાં દ્વારા બાળકોની માનસિકતાનો ખ્યાલ આવે છે. ઘણા મનોવૈજ્ઞાનિકો તો ત્યાં સુધીનો દાવો કરે છે કે, બાળકનું ભવિષ્ય જાણવું હોય તો તે કેવાં પ્રકારનાં રમકડાંથી રમે છે અને કેવી રીતે રમે છે તેનું અવલોકન કરો. આમ, બાળકોના જીવન ઘડતરમાં રમકડાનું ઘણું મહત્ત્વ છે. જે નીચે દર્શાવેલ મુદ્દાઓ પરથી જાણી શકાય.

રમકડાં દ્વારા બાળકોનો શારીરિક વિકાસ :

જન્મના થોડા દિવસો પછી બાળક રમકડાંના સંપર્કમાં આવી જાય છે. ત્યારથી જ તે રમકડાં પકડવાની શરૂઆત કરે છે, એટલે આંગળીઓનું વળવું, નજર સ્થિર થવી, ઘૂઘરાના અવાજ બાજુ ઘૂમવું અને ત્યાં ધ્યાન કેન્દ્રિત કરવું વગેરે ક્રિયાઓ બાળક શીખે છે. વસ્તુને પકડવા, ગોઠવવા અને નજરનું સાતત્ય કેળવવું જેવી ક્રિયાઓ તે રમકડાં દ્વારા શીખે છે. જેમ-જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ રમકડાંના પ્રકાર બદલાતા રહે છે, રમત-ગમતનાં સાધનોનાં સ્વરૂપ બદલાય છે અને તે તમામ રમકડાં બાળકના શારીરિક વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

રમકડાં દ્વારા બાળકોનો માનસિક અને બૌદ્ધિક વિકાસ :

રમકડાંથી બાળકનો માનસિક વિકાસ તથા બૌદ્ધિક વિકાસ ખૂબ જ સહજતાથી થાય છે. ઉતરડ જેવાં રમકડાંથી બાળકને નાનીથી મોટી વસ્તુનો ખ્યાલ આવે છે, ગોઠવતાં શીખે છે, વિવિધ પ્રકારનાં પઝલ રમકડાંથી તે બુદ્ધિપૂર્વક વિચારી શકે છે, તેના દ્વારા નવાં-નવાં મોડલ બનાવી શકે છે. રમકડાં ગોઠવવાં, સ્પર્શવાં જેવી ક્રિયાથી તેની બૌદ્ધિકતામાં વધારો થાય છે. નિશાન તાકવાની વિવિધ રમતો દ્વારા બાળકની એકાગ્રતામાં

વધારો થાય છે. વિવિધ સાધનો, પ્રાણીઓ, શાકભાજી, ફળ, વાહનોનાં મોડલ વગેરે પ્રકારનાં રમકડાંથી તે વિવિધ વસ્તુઓથી પરિચિત થાય છે. સાથે સાથે તેના વિશે સમજ કેળવે છે અને તેની ઓળખ રમકડાં દ્વારા જ બાળકોમાં સ્થિર થાય છે.

રમકડાં દ્વારા બાળકનો સામાજિક વિકાસ :

રમતી વખતે જો બાળક એકલું હશે તો પણ એકલું રમકડાં સાથે વાતચીત કરશે, પોતે અનુભવેલા પ્રસંગો ભજવશે. રમતી વખતે જો બાળકની સાથે અન્ય બાળક હશે તો એકબીજા રમકડાંની આપ-લે કરશે, તેમનામાં સહકારની ભાવના, સમર્પણની ભાવનાનો વિકાસ થશે, એકબીજા સાથે વાતચીત કરવાની ટેવ કેળવાશે, બાળક સમૂહમાં રહેતાં શીખે છે, ઢીંગલી કે ઘર ગોખલાની રમત રમતાં રમતાં આપણી પરંપરાઓ શીખે છે. રસોઈ બનાવવી, બજારે જવું, મહેમાન આવે ત્યારે તેમનું સ્વાગત કરવું જેવા નાના પ્રસંગો પણ ભજવે છે. આમ આવી રીતે રમકડાં દ્વારા સામાજિક વિકાસ પામે છે.

રમકડાં દ્વારા બાળકનો સાંવેગિક વિકાસ :

બાળક પોતે જે સંવેદનાઓ અનુભવશે તે મુજબ રમકડાં સાથે વર્તાવ કરે છે. વિવિધ પ્રાણીઓનાં રમકડાંથી રમતી વખતે, ઢીંગલી ઢીંગલા સાથે રમતી વખતે તેમાં સજીવારોપણ કરશે અને તેની સાથે તાદાત્મ્ય ભાવ કેળવશે. પોતાને કોઈ વહાલથી બોલાવે કે વહાલ કરે તેવું જ તે રમકડાં સાથે કરે છે. ઘણી વખત બાળક પોતે જે સંવેદનો અનુભવે છે અથવા તો તેઓ જે ઈચ્છે છે તેવાં સંવેદનો તે રમકડાં સાથે વ્યક્ત કરે છે. આ ઉપરથી પણ ખ્યાલ આવે છે કે બાળકમાં આવેગો કેવા છે અને કેવી રીતે વિકાસ પામે છે? તે સમજીએ તો તેમને રમતાં નિહાળીને તેમનું મન જાણી શકાય છે. આવી રીતે બાળકમાં સંવેદનાઓનો વિકાસ થાય છે. સાથે સાથે પ્રાણીઓ તથા વ્યક્તિઓની કાળજી કેવી રીતે રાખવી, શું કરવું તેવું પણ તે રમતાં રમતાં શીખે છે.

રમકડાં દ્વારા બાળકની માનસિકતા તથા ભવિષ્યની ઝલક :

આપણે અગાઉ કહ્યું તેમ બાળક જ્યારે સહજ રીતે રમકડાંથી રમતું હોય ત્યારે તેનું અવલોકન કરતાં તેની માનસિકતાનો ખ્યાલ આવે છે. બાળક વિવિધ રમકડાં સાથે કેવો વર્તાવ કરે છે એ ઉપરથી તેના સ્વભાવની જાણ થાય છે. બાળક રમકડાંને કેવી રીતે સાચવે છે, જાળવે છે તેના પરથી તેની સાચવણીનો ખ્યાલ આવે છે. તેની ચોક્સાઈનો ખ્યાલ આવે છે. તે કેવાં પ્રકારનાં રમકડાંથી રમે છે તેના ઉપરથી બાળક ભવિષ્યમાં કેવા વ્યવસાય સાથે જોડાશે તેની શક્યતાનો પણ અંદાજ લગાવી શકાય છે. આ બાબત ઉપર ઘણા મનોવૈજ્ઞાનિકોએ સર્વેક્ષણ પણ કરેલાં છે કે બાળક કેવાં પ્રકારનાં રમકડાંથી વધુ રમે છે અથવા તો તેઓ કેવા પ્રકારનાં રમકડાં વધુ પસંદ કરે છે તેના આધારે તેમને કારકિર્દી ઘડવામાં પ્રોત્સાહિત કરી શકાય.

રમકડાં દ્વારા બાળકોની સર્જનાત્મકતાનો વિકાસ :

દરેક બાળક એક સર્જનશીલ વ્યક્તિત્વ ધરાવે છે, તેને યોગ્ય વાતાવરણ મળે તો તેની સર્જનશીલતા નીખરી ઊઠે છે. વિવિધ પ્રકારના બ્લોકથી વિવિધ આકારો બનાવવા, વિવિધ સાધનોની ગોઠવણ, રમકડાંની ગોઠવણ જેવી નાની-નાની ક્રિયાઓ દ્વારા બાળકમાં સર્જનશીલતાનો વિકાસ થાય છે. આ ઉપરાંત, જો બાળકને માટીનાં રમકડાં બનાવવાનું કહેવામાં આવે તો તેને તે ખૂબ જ ગમે છે. આ પ્રકારની પ્રવૃત્તિ દ્વારા બાળકમાં રહેલું સર્જનશીલ વ્યક્તિત્વ બહાર આવે છે. તે તેની કલ્પનાઓ મુજબ અવનવાં રમકડાં બનાવી શકે છે અને આ દ્વારા તેની કલ્પનાને ઉત્તેજના પણ મળે છે. બાળક પોતાની કલ્પના મુજબનાં રમકડાંઓનું સર્જન કરે છે.

ઘણી વખત તો બાળકોએ કરેલું સર્જન આપણને વિચારતાં કરી દે છે. આ ઉપરાંત નદીકિનારે, દરિયાકિનારે, બગીચાની માટીમાં તેઓ અલગ-અલગ પ્રકારનાં સર્જનો ઊભાં કરતાં હોય છે. આ સર્જનો ભલે તેની વય મુજબ આપણને સામાન્ય લાગે પણ તેની સર્જનાત્મકતામાં વધારો કરનારાં હોય છે.

ઉપસંહાર :

આમ, રમકડાંને બાળકો માટે ફક્ત મનોરંજનનું કે ટાઈમપાસ કરવા માટેનું સાધન ન સમજવું જોઈએ. રમકડાં બાળકોના એવા સાથીદાર છે કે જેનાથી તેનો સર્વાંગી વિકાસ થાય છે. રમકડાં બાળકોના જીવનઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. પણ કમનસીબી એ છે કે આપણે તેને ઓળખી કે સમજી શકતાં નથી અને તેમાં હાલના ટૅક્નોલૉજીના યુગમાં આપણે બાળકોને ઈલેક્ટ્રોનિક્સ રમકડાં; જેમ કે મોબાઈલ, ટેબ્લેટ જેવાં ઘાતક રમકડાં આપી રહ્યાં છીએ; જેનો વધુ પડતો ઉપયોગ બાળકને સંવેદનહીન બનાવે છે. માત્ર રોબોટિક જ્ઞાન આપનારાં આ રમકડાં બાળકના જીવનમાં ધીમા ઝેરનું કામ કરે છે. પરંતુ, આને બદલે બાળકોને પરંપરાગત લાકડાનાં, માટીનાં રમકડાં આપીએ કે જે આપણા લોકજીવન સાથે જોડાયેલાં હોય. સાથે સાથે તેના જીવનઘડતરનો ખ્યાલ રાખીએ તો બાળકનું જીવન યોગ્ય ઘડતર પામે છે અને સર્વાંગી વિકાસ સાધી શકે છે. બાળકોને આવાં રમકડાં બનાવતાં શીખવવામાં આવે તો તે મોબાઈલ અને ટીવીને ભૂલી જાય છે. ઘણા વડીલોને લાગે છે કે રમકડાંની ખરીદી કરવામાં અઢળક ખર્ચ થાય છે એના કરતાં મોબાઈલ ઓછા ખર્ચમાં મળતું મનોરંજન છે. ત્યારે એમને કહીએ કે જો આપણે સમજદારી કેળવીએ તો બાળકોને મોબાઈલથી વંચિત રાખવાને બદલે તેને મોબાઈલમાં શું જોવું તે શીખવીએ. આમ કરતાં તેઓ ક્યારેય ભટકશે નહીં. તેમને ઇન્ટરનેટ પર આપેલ વિવિધ રમકડાં બનાવવાની રીતો બતાવીએ અને તેમની સાથે રહીને તે બનાવતાં શીખવીએ તો બાળક ભવિષ્યમાં કોઈ કલાકારીગીરીના ક્ષેત્રમાં નામના મેળવશે, સારી બાબતો શોધતાં શીખશે અને પ્રગતિ કરશે.

------